Vol. 9, Issue: 9, Sept.: 2021
(IJRSML) ISSN: 2321 - 2853

# ‘અનર્ઘરાઘવમ્’નાટકના અંકોનું મૂલ્યાંકન

પ્રો. ડૉ. સુરવીરસિંહ આઈ. ઠાકોર
સંસ્કૃત વિભાગાધ્યક્ષ,
આર્ટસ્ એન્ડ કોમર્સ કૉલેજ, ઓલપાડ, જિ. સુરત

કવિવર મુરારિ રચિત ‘અનર્ઘરાઘવમ્’ નાટકનું કથાવસ્તુ પ્રસિદ્ધ વાલ્મીકિ રામાયણ પર આધારિત છે, તે સાત અંકમાં વણાયેલું છે. આ નાટકની યોગ્યતાને કારણે તથા રોચકતાને કારણે કવિ મુરારિ ‘ બાળવાલ્મીકિ’ના નામથી પ્રખ્યાત થયેલા છે. ‘અનર્ઘરાઘવમ્’ નાટકના અંકોનું મૂલ્યાંકન નીચે મુજબ છે.

**અંક–૧ मुनीन्द्रसंवाद**

‘અનર્ઘરાઘવ’ નાટકના પ્રથમ અંકમાં જુદા જુદા અલંકાર– શાસ્ત્રીઓએ રૂપકના આપેલા નિયમો મુજબ પ્રારંભમાં પડદાની પાછળથી પહેલા પ્રકારના નાન્દીના બે શ્લોકમાં વિષ્ણુને નમસ્કાર કરવામાં આવેલ છે, અને આ નાન્દી પછી સૂત્રધાર પ્રવેશ કરે છે. પ્રેક્ષાગારમાં બેઠેલા લોકો સમક્ષ કલહકન્દલ નામના નટે રૌદ્ર, બીભત્સ, ભયાનક રસથી ઓતપ્રોત કોઈ પ્રબંધ બતાવીને લોકોને ઉત્તેજિત કરેલા હોવાથી નાટ્યકળાના આચાર્ય બહુરૂપના શિષ્ય મધ્યદેશવાસી સુચરિત નામનો નટ સરસ્વતીનો સારભાગ એવા અને ઈક્ષ્વાકુ વંશવાળાઓનું યશ:શરીર છે, તેવા રામાયણથી સંબંધિત નાટકની રજૂઆત કરવાની વાત મારિષ સાથે કરે છે. એટલે આ નાટકના પ્રસ્તાવનાના ભાગમાં સૂત્રધાર અને મારિષ સાથેના સંવાદ દ્વારા લેખક મુરારિ પોતાની જીવનની માહિતી આપવાનો પ્રયત્ન કરે છે, અને નાટકનું નામ આપવાનો પ્રયત્ન કરે છે. જેમકે – “अस्ति मौद्गल्यगोत्रसम्भवस्य महाकवेर्भट्टश्रीवर्धमानतनूजन्मनस्तन्तुमतीनन्दस्य मुरारेः कृतिरभिनवमनर्घराघवं नाम नाटकम् ।”

સૂત્રધાર અને મારિચ પ્રસ્તાવનાને અંતે વસિષ્ઠ મુનિના આશ્રમથી પાછા ફરેલા વામદેવ દ્વારા કહેવાયેલ સંવાદને સાંભળતા મહારાજ દશરથ ત્યાં હોવાથી એ બે વચ્ચેની રહસ્યકથાની વચ્ચે ન આવવા માટે ત્યાંથી પ્રસ્થાન કરે છે, અને ત્યાં પ્રસ્તાવના સમાપ્ત થાય છે. આમ પ્રથમ અંકના મુખ્ય દૃશ્યમાં દશરથ – વામદેવ અને વિશ્વામિત્ર સંવાદ કરવાના, તે વાતનું સૂચન મળે છે.

મુખ્ય દૃશ્યમાં દશરથ અને વામદેવનો પ્રવેશ થાય છે. વામદેવ – દશરથના સંવાદોમાંથી જાણવા મળે છે કે હોમ, યાગ, ધર્મ, તપ બધું જ દશરથના વંશમાં છે અને યાચકની ઈચ્છાપૂર્તિ પણ થાય છે. અહીં સૂચન મળે છે કે વિશ્વામિત્ર યજ્ઞની રક્ષા માટે રામ લક્ષ્મણની યાચના કરવા માટે આવવાના છે. વામદેવ બહાર જઈને વિશ્વામિત્રને પ્રવેશ કરાવે છે. વિશ્વામિત્ર અઢંધતિ વગેરેના કુશળ સમાચાર પૂછે છે. વામદેવ અને વિશ્વામિત્ર દશરથની પ્રશંસા કરે છે. પ્રશંસા એટલા માટે કે મનોવૈજ્ઞાનિક રીતે કોઈ વ્યક્તિ પાસે માગવા જઈએ તો યાચકની યાચનાનો માર્ગ સરળ બને છે. વિશ્વામિત્ર આયુધની સાથે પોતાના

આશ્રમની રક્ષાને માટે રામ લક્ષ્મણની યાચના કરે છે. બાળક રામે અસ્ત્ર વિદ્યા શીખી નથી એમ દશરથ કહે છે, ત્યારે વિશ્વામિત્ર એને ધનુર્વેદ વિદ્યા શીખવવાની વાત કરે છે, જે એમણે કૃશાશ્વ મુનિ પાસેથી શીખી હતી. વામદેવ પણ વિશ્વામિત્રને સંમતિ આપે છે. જુઓ ....

"कौशिकोऽर्थी भवान्दाता रक्षणीयो महाक्रतुः।

रक्षिता रामभद्रह्येदनुमन्यामहे वयम्'"

દશરથની આજ્ઞાથી વામદેવ વિશ્વામિત્રને રામ લક્ષ્મણને સોંપે છે અને વિશ્વામિત્ર તેમનો સાદર સ્વીકાર કરે છે. વામદેવ રામ લક્ષ્મણના માર્ગને મંગલમય થવાના આશીર્વાદ આપે છે, અને વિશ્વામિત્ર રાજપૂતો સાથે આશ્રમ પ્રતિ પ્રસ્થાન કરે છે. રાજા દશરથ કૌશલ્યાની પાસે સાંત્વના પ્રદાન કરવા જાય છે ત્યાં પ્રથમ અંક સમાપ્ત થાય છે.

નાટ્યશાસ્ત્રના નિયમ પ્રમાણે દ્વિતીય અંકમાં વિશ્વામિત્ર સાથે રામ લક્ષ્મણ વનગમન દ્વારા તાડકાના વધનું સૂચન જોવા મળે છે.

**અંક–૨ कौमारविक्रम**

'कौमारविक्रम' નામના બીજા અંકના આરંભમાં વિશ્વામિત્રના શિષ્ય શુનઃશેપની એકોક્તિમાં રાત્રિ વર્ણનો જોવા મળે છે. બાદ કવિ પરોઢનું સ્વાગત કરતા હોય એમ પ્રાચીદિશા અંકુરિત થઈ રહી છે એમ જણાવી પંકજવનને વાચાળ બનાવી નાટ્યકાર કુશળ કર્તાની જેમ બીજા અંકની શરૂઆત વર્ણનોથી કરે છે. શ્લોક નં. ૪, ૫ અને ૬માં કવિએ સૂર્યોદયનું વર્ણન કરેલું છે.

પશુમેઢ્રના આગમનમાં આશ્ચર્ય સહ રામના આગમનના સમાચાર તથા શલ્યામાંથી અહલ્યા બન્યાની પૌરાણિક કથાને ચતુરાઈપૂર્વક ગૂંથી લઈ રામનો પ્રથમ પરિચય તથા પ્રધાન કારણ એવા લોકકલ્યાણ કાર્યથી નાટ્યકારે અહીં કરાવ્યો છે. સાથે હવે પછી આવનાર જનકવંશના પુરોહિત શતાનન્દ, ગૌતમઋષિ તથા અહલ્યાના પુત્ર છે એ વાતને પણ કવિ અહીં મૂકવાનું ચૂકતા નથી. ઈન્દ્રની અહલ્યા પાછળની કામુક્તાની વાત દ્વારા નાટ્યકારે સામાન્ય જનમાનસનો પરિચય કરાવ્યો છે.

શુનઃશેપ દ્વારા કહેવામાં આવેલી, વાલી – જામ્બવાનની વાતમાં જામ્બવાન વાલીને સમજાવે છે કે સમગ્ર પૃથ્વીના અપકારી રાવણ સાથે મિત્રતા કરવી એ અનર્થકારી થશે તથા પુલસ્ત્યો સાથે સ્નેહ રાખવામાં અપકાર જ થાય છે. આ વાતથી કુશળ રાજનીતિનું જ્ઞાન પ્રગટ થતું જોવા મળે છે. અહીં નોંધનીય બાબત એ છે કે, "વાલી, રાવણ, હનુમાન, ખર–દૂષણ, તાડકા વગેરેની વાત આવે છે. પરંતુ પાત્ર તરીકે આ અંકમાં ક્યાંયે આવતા નથી. ઉપરાંત નાટ્યકાર રાવણની પ્રશંસા કરવાનું પણ ચૂકતા નથી.

'कथमपरिहीनमित्त्रधर्मोऽपि से राक्षसः।'"

યજ્ઞના રક્ષણાર્થે રામ – લક્ષ્મણને કુલપતિ લાવ્યા છે, એવા રામને દેવતાઓની સાથે 'બલાતિબલ' નામની શક્તિ પણ પ્રાપ્ત છે.

યજ્ઞમાં દીક્ષિતોએ ક્રોધ કરવાનો ન હોવાથી, રક્ષણાર્થે ક્ષત્રિયોને નિયુક્ત કરવામાં આવે છે. અહીં ક્ષાત્રધર્મનો હેતુ સમજાવ્યો છે. શ્લોક–૧૦ થી ૧૩માં નાટ્યકારે પ્રભાતનું વર્ણન કર્યું છે. શુનઃશેપ દ્વારા

કહેવાયેલી વાત દ્વારા રામ લક્ષ્મણ યજ્ઞસ્થળની ઉત્તર તરફ વિહારભૂમિમાં રમી રહ્યા છે. એના દ્વારા આગામી મુખ્ય દ્રશ્યનું અહીં સૂચન કર્યું છે. અહીં વિષ્કંભક સમાપ્ત થાય છે.

દશરૂપકમાં ધનંજયે જણાવ્યું છે કે, "વિષ્કંભક નાટકમાં ઘટિત ઘટનાઓ અથવા ભવિષ્યમાં ઘટવાની ઘટનાઓનું સૂચક છે." એ પ્રમાણે અહીં ભૂતકાળમાં થયેલી તથા આગામી ઘટનાનું સૂચન કરી દેવામાં આવ્યું છે. અહીં શુનઃશેપ તથા પશુમેઢ્રનાં પાત્રો ઉત્તમ તથા મધ્યમ પ્રકારના છે. આથી મિશ્ર પ્રકારનો વિષ્કંભક બને છે.

મુખ્ય દ્રશ્ય વિષ્કંભકમાં જણાવ્યા પ્રમાણે રામ લક્ષ્મણના આશ્રમ વિહારથી શરૂ થાય છે. રામ લક્ષ્મણના સંવાદમાં આશ્રમનું વર્ણનચિત્ર આલેખ્યું છે. ઋષિઓનો સમુદાય જોઈને રામ પ્રસન્ન થાય છે. આનાથી રઘુકુળ ઋષિસેવા પરંપરા સૂચિત થાય છે. બલિની ડાંગર ખાઈ જતાં હરણોને મુનિસ્ત્રીઓ દંડથી મારવા જાય છે. પરંતુ હરણ દંડ સુંઘવા આવે છે. આ વાંચતા કાલિદાસનું 'અભિજ્ઞાનશાકુન્તલ'નું આશ્રમમાં શકુન્તલાનું પ્રકૃતિ–પશુ સાથેના આત્મીયતાપૂર્ણ વાતાવરણની યાદ અપાવે છે. નાળમાંથી વહી જતા સર્પાકાર પાણી નાટ્યકારને કેરળની સ્ત્રીઓના કેશકલાપ જેવી વાંકીચૂકી લાગે છે. આથી કવિ ત્યાંના વતની હોય અથવા કેરળમાં પરિભ્રમણ કર્યું હોય, અથવા તો ત્યાં લાંબો સમય વિતાવ્યો હોય એવું સૂચિત થાય છે. આ અંકમાં કવિએ શ્લોક–૨૦ થી ૨૬માં આશ્રમ વર્ણન તથા શ્લોક–૨૭માં કૌશિકીતટ વર્ણન કર્યું છે. નાટ્યકારના વર્ણનોમાં પૌરાણિક ઉલ્લેખોનો પ્રચુર પ્રમાણમાં પ્રયોગ થયેલો જોવા મળે છે, જે અન્યત્ર લખ્યો છે. કવિનાં વર્ણનો કોઈ સિદ્ધહસ્ત કવિની કલમે આલેખાયેલા હોય તેવું લાગે છે, તથા જ્યાં જ્યાં વર્ણન કરવાની તક મળે છે, ત્યાં કથા પ્રવાહમાં બાધારૂપ ન બને તે રીતે વર્ણનો આલેખાયેલાં છે. નેપથ્યમાંથી આવેલ અવાજ રામ લક્ષ્મણને ગુરુદેવ માધ્યન્દિન માટે યજ્ઞસ્થળમાં જોવા ઈચ્છે છે એ વાતની જાણ કરે છે. શ્લોક–૩૦માં મધ્યાહ્ન વર્ણન છે, જ્યારે શ્લોક–૩૨માં સૂર્યાસ્ત વર્ણન છે. ગુરુ વિશ્વામિત્ર દ્વારા યજ્ઞવેદી પાસે રહેવાના આદેશથી રામ ખુશ છે કારણ કે પોતાના ધનુષ્યથી પૃથ્વીને રાક્ષસ રહિત કરવાનો પુણ્ય પ્રારંભ કરવાની તક મળશે.

વિશ્વામિત્રનો યજ્ઞ પૂર્ણ થયો છે. તાડકા પોતાના બાંધવો સાથે મરી જશે, શિવધનુષભંગ કરીને સીતા સાથે લગ્ન થઈ શકે છે તે દેવકાર્ય રામ કરશે. આના દ્વારા આગામી ઘટનાનું સૂચન કરવામાં આવ્યું છે. શ્લોક–૪૪ થી ૪૬ તથા ૫૧ થી ૫૩માં સૂર્યાસ્તનું વર્ણન કર્યું છે.

તાડકાનું આગમન શ્લોક–૫૪માં છે. તાડકા સાથે સુબાહુ મારીચ વગેરે આશ્રમને ઘેરી રહ્યા છે. વિશ્વામિત્ર રામને તાડકાવધ માટેનો આદેશ આપે છે. રામને સ્ત્રી દાક્ષિણ્યને કારણે હિચકીચાટ થાય છે. પણ ગુરુ વચન શાસ્ત્ર પ્રમાણ હોવાથી તાડકાવધ માટે પ્રસ્થાન કરે છે. રામ રાક્ષસ સેનાનો વધ કરી, વીરધર્મનો આરંભ કરી, ગુરુ પાસે ઉપસ્થિત થાય છે. સૂર્ય, વસિષ્ઠ તથા વિશ્વામિત્ર આ ત્રણ રઘુવંશના ગુરુ જણાવી, ગુરુ આજ્ઞાથી કરેલ સ્ત્રીવધથી રામ ખુશ નથી. શ્લોક–૬૯ થી ૮૫માં ચંદ્રવર્ણન કંઈક અંશે લાંબુ છે. કથાની ગતિ રુંધાતિ લાગે છે. પરંતુ અહીં અર્થની સરળતા જોઈ શકાય છે. વિશ્વામિત્ર રામ પાસે આ રીતે જ રક્ષાની અપેક્ષા રાખે છે.

વિશ્વામિત્ર દ્વારા સીરધ્વજ શબ્દ પ્રયોજાતા રામ કુતૂહલ વ્યક્ત કરે છે. વિશ્વામિત્ર મિથિલાની વાત કરે છે, જેના વિશે રામને પણ બે વાતની માહિતી છે એ એક શિવધનુષ તથા બીજી અયોનિજાકન્યા. વિશ્વામિત્ર જનકે શસ્ત્રત્યાગ કર્યો હોવાથી તેમના યજ્ઞ માટે ચિંતિત છે માટે રામ લક્ષ્મણને લઈ મિથિલા તરફ જવા વિશ્વામિત્ર પ્રયાણ કરે છે. રામને પણ શિવધનુષ જોવાની ઉત્સુક્તા છે ત્યારે નાટ્યકાર લક્ષ્મણ દ્વારા કહેવાયેલ વાક્ય – 'અયોનિજા રાજકન્યાના વિષયમાં પણ ઉત્સુક્તા છે ?' દ્વારા હાસ્યરસનું નિરૂપણ થયેલું છે. આ ઘટના કવિની મૌલિક છે.

નાટ્યશાસ્ત્રના નિયમ પ્રમાણે અંકને અંતે આવનાર અંકની કથાનું સૂચન હોવું જોઈએ. એ પ્રમાણે અહીં મિથિલા જવાની વાતથી આગામી અંકની કથાવસ્તુનું સૂચન થયેલું છે.

### અંક–૩ पिनाकभङ्ग

^पिनाकभङ्ग* નામના તૃતીયાંકની શરૂઆત બીજા અંકના અંત ભાગમાં વિશ્વામિત્ર રામના સંવાદમાં મિથિલા તરફ પ્રયાણ કરવાનો ઉલ્લેખ થયો છે તે પ્રમાણે થાય છે. ત્રીજા અંકના મુખ્ય દૃશ્યની શરૂઆત મિથિલા નગરીમાં જોવા મળે છે. આરંભમાં કંચુકી–કલહંસિકા સંવાદમાં વિશ્વામિત્ર બે બાળકોને લઈને શિરધ્વજ પાસે આવ્યા છે, તથા તેઓ સૂર્યવંશી દશરથના પુત્રો છે, તે વાતનો ઉલ્લેખ કરી રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નનો ઉલ્લેખ કરે છે. બાદ કલહંસિકા સીતા, ઊર્મિલા, માંડવી તથા શ્રુતકીર્તિના નામોલ્લેખ કરી ઊંડો નિઃશ્વાસ નાંખે છે. કંચુકી જણાવે છે કે, દેવ અને બ્રાહ્મણની કૃપાથી બધું ઠીક થઈ જશે. અહીં ચાર રઘુવંશી તથા ચાર જનકસૂતાના ભવિષ્યમાં લગ્ન થશે, એ વાતનો સૂચિત ઈશારો નાટ્યકારે કરેલો જોવા મળે છે.

રાજપુત્રીઓની ગૌરીપૂજા માટે રાજપુરોહિત શતાનન્દ કંચુકીને આજ્ઞા આપે છે. કંચુકીને વિશ્વાસ છે કે રામ શિવધનુષ ભંગ કરશે. કારણ કે મૈથિલીની પ્રાપ્તિ પરાક્રમાધીન છે. એ જાણતા વિશ્વામિત્ર રાઘવને મિથિલા લઈ આવ્યા છે. સીતા ઉદાસ છે કારણ કે રાવણ પુરોહિત શૌષ્કલ માગુ લઈને આવ્યો છે. હર્ષનું વાતાવરણ ખેદમાં પરિણમી જાય છે, સાથે સીતામાં યૌવનના સંચારનો પણ સૂચક ઉલ્લેખ 'રોમાંચ' શબ્દ દ્વારા નાટ્યકાર 'સીતાની ઉંમર દામ્પત્ય જીવનની શરૂઆત કરી શકે છે' એ વાત પણ નિર્દેશે છે. કલહંસિકાની રાવણ સીતાને પરણી જવાની ચિંતાના જવાબમાં કંચુકી અતિદુર્વહ શિવધનુષ તથા જનકે પોતે કરેલી પ્રતિજ્ઞા રાવણના કહેવાથી પણ ન બદલે એ વાત જણાવી ચિંતા હળવી કરે છે. દેવમંડળ વેદી પર રામ, લક્ષ્મણ, કૌશિક, જનક તથા ગૌતમમુનિની સેવામાં છે, એવો ઉલ્લેખ વિષ્કંભકને અંતે કરેલો છે. અહીં વિષ્કંભકમાં કંચુકી અને કલહંસિકાનો સંવાદ છે. કંચુકી જનકના દરબારનો સેવક છે, જે સંસ્કૃતમાં બોલે છે જ્યારે કલહંસિકા સીતાની દાસી છે. જે પ્રાકૃતમાં બોલે છે. આમ કંચુકી એ મધ્યમ તથા કલહંસિકા એ અધમકક્ષાનું પાત્ર છે. આમ આ રીતે મિશ્ર પ્રકારનો વિષ્કંભક જોવા મળે છે.
વિષ્કંભક બાદ વિશ્વામિત્રના આગમનથી જનક આનંદિત થાય છે. મિથિલામાં શાન્તિ તથા સમૃદ્ધિ ચિરકાળથી છે, અને વેદાંતશાસ્ત્ર તત્ત્વજ્ઞ દંડધારી જનક છે તથા અંગિરાના પૌત્ર શતાનન્દ પુરોહિત છે. આ વાતનો ઉલ્લેખ નાટ્યકારે એક સાથે મિથિલા, જનક તથા શતાનન્દની પ્રશંસા કુશળતાથી કરી સ્થળ અને વ્યક્તિનું માહાત્મ્ય સમજાવ્યું છે.
જમાઈના દર્શન ન થવાથી શોકવાળા જનકનો શોક દૂર કરવાના વિશ્વામિત્રના આશ્વાસનના શબ્દોમાં ભાવિ ઘટનાનો ગર્ભિત અર્થ જોવા મળે છે. આગળ જતાં કથાવસ્તુમાં વિશ્વામિત્ર જણાવે છે કે,

ßकात्यायनीकामुककार्मुकारोपण– पणप्रणयप्रवीणेन तु दुहितुः पत्या संप्रत्यपर्षुषितप्रतिज्ञो भूयाः।Þ અહીં રામ શિવધનુષ ભંગ કરશે અને સીતાને પરાક્રમથી પરથી જનકની પ્રતિજ્ઞા પૂર્ણ કરશે. આ ઘટના ભવિષ્યમાં બનવાની છે તેનો ઉલ્લેખ નાટ્યકારે કરેલો છે.

સૂર્યવંશી તથા વસિષ્ઠ જેમને ધર્મનું જ્ઞાન આપે છે તેવા રાજકુમારો સર્વ રીતે સંબંને યોગ્ય છે, પરંતુ પ્રતિજ્ઞારૂપી સેતુ રાજા જનકને સતાવે છે. રામ લક્ષ્મણના વ્યક્તિત્વથી જનક ખૂબ જ પ્રભાવિત જોવા મળે છે. જનક વિશ્વામિત્રની વાતમાં રામને સોંપવાની વાત સાંભળી રામમાં માનવ સહજ લજ્જાના ભાવ જોવા મળે છે. શ્લોક–૩૨માં સુંદર ધનુષ વર્ણન છે. શતાનન્દને રામની શક્તિ પર પૂરો વિશ્વાસ છે. બાળકોચિત બાણથી તાડકાનો અંત કરનાર રામ રાવણને પણ આસાનીથી જીતી લેશે એ વાતમાં રામ રાવણને ભવિષ્યમાં પરાજિત કરશે, એમ આગામી સૂચન પ્રાપ્ત થાય છે.

નાટ્યકાર ગંભીર કથાવસ્તુમાં ક્યારેક હાસ્યરસનું પણ નિરૂપણ કરે છે. રાવણ પુરોહિત શૌષ્કલના આગમનના સમાચાર સાંભળી રામ કહે છે – "'શું આ દુરાત્મા રાક્ષસે શિવધનુષ પરિચર્યા મહોત્સવમાં વિઘ્ન કરી નાખ્યું ?'

લક્ષ્મણ : આર્ય, કેવળ એમાં જ નહિ (અડધું કહીને હસે છે.)" અહીં આ સંવાદમાં લક્ષ્મણ સીતા તરફનો અર્થ સૂચવી રામની હાસ્યયુક્ત મજાક કરે છે. રામ લક્ષ્મણના પાત્રોના ઉત્કર્ષની તક કવિ તરત ઝડપી લે છે. શૌષ્કલ સીતાની માગણી કરે છે તેમાં તત્કાલીન સમાજમાં રાજા પુરોહિત દ્વારા માગુ લઈને કન્યાના પિતા પાસે જતા હતા, તે સ્થિતિનું પ્રતિબિંબ દેખાય છે. રાવણ માહેશ્વર છે માટે ધનુષભંગ નહિ કરે તેવી વાત રાવણ પુરોહિત શૌષ્કલ જણાવે છે. શતાનન્દ રામને ધનુષ આરોપિત કરવાની આજ્ઞા આપે છે. વિશ્વામિત્ર પણ આજ્ઞાનો સૂર પુરાવે છે.

રામના ધનુષભંગનું વર્ણન લક્ષ્મણના મુખમાં શ્લોક–૫૪માં વર્ણવ્યું છે. જનકના कथं भग्नमपि શબ્દો દ્વારા ધનુષભંગ થઈ ગયાની ઘટનાને નાટ્યકારે ઝડપથી આલેખી છે. જનકમાં પિતાસહજ ઉત્સાહ, વાત્સલ્ય પ્રેમનું નિરૂપણ જોવા મળે છે. અહીં ધનુષભંગ પ્રસંગ નિરૂપણમાં ઉણપ વર્તાય છે. અગત્યના પ્રસંગને ટૂંકમાં સમેટી લીધેલો જોવા મળે છે. સંવાદો દ્વારા પ્રસંગોચિત વર્ણન કરી પ્રસંગનું મહત્ત્વ દર્શાવવામાં નાટ્યકાર ઊણા ઊતરેલા જોવા મળે છે. રામે પરાક્રમ દ્વારા સીતાને મેળવ્યા બાદ જનક ઊર્મિલા માટે લક્ષ્મણની માગણી કરે છે. શતાનન્દ માંડવી, શ્રુતકીર્તિ માટે ભરત તથા શત્રુઘ્નની માગણી કરે છે, જે વિશ્વામિત્ર દ્વારા સહર્ષ વધાવી લેવાય છે. અહીં આ માગણી મૂળ કથાવસ્તુથી જુદી રીતે આલેખાયેલી જોવા મળે છે.

**અંક–૪ दशरथविप्रलम्भ**

दशरथविप्रलम्भ નામના ચોથા અંકનો આરંભ ત્રીજા અંકના અંતે સૂચિત થયા પ્રમાણે માલ્યવાનના આગમનથી થાય છે. આમ ચોથા અંકનો આરંભ નાટ્યશાસ્ત્રના નિયમ પ્રમાણે 'અંકાવતાર' મુજબ થાય છે.

અંકના આરંભમાં સૂર્યોદય વર્ણન સાથે શૃંગાર વર્ણનનો સુંદર સમન્વય શ્લોક–૧ થી ૬માં કર્યો છે. રામના મનુષ્યાતિશય પરાક્રમથી માલ્યવાન ચિંતિત છે, તથા રાવણના જૂના પરાક્રમોએ એમની ઊંઘ હરામ કરી છે. પ્રસન્ન બ્રહ્મા પાસે મર્ત્યેતરથી અભય વચનની પ્રાપ્તિ રાવણને થાય છે, અર્થાત્ મર્ત્યજનથી જ રાવણનું મૃત્યુ થશે એ વાત આગામી ઘટનાનું સૂચક બને છે. મૈથિલરાજે રાવણમુનિ પુલસ્ત્યને પણ ધ્યાનમાં ન રાખીને રાવણને જમાઈ તરીકે ન સ્વીકાર્યાનો ખેદ માલ્યવાનને છે.

કપટથી મનુષ્ય વેશ ધારણ કરેલી શૂર્પણખા વિવાહોચિત વેશમાં રઘુકુમારોના દર્શનથી હર્ષિત બને છે. માલ્યવાન સીતાના લગ્નને વિશ્વામિત્રનું દુર્નાટક ગણાવે છે. સીતાહરણની ચિંતામાં પડેલ રાવણ માલ્યવાનની ચિંતાનું કારણ છે, અને રામના બાહુબળથી પરિચિત હોવાથી બળપ્રયોગ કરવા માટે અસહમત છે. રામની નમ્રતાથી દેવગણ પ્રસન્ન છે, અને સ્વામી રાવણના મદથી હાસ્યાસ્પદ બની જશે એ વાત માલ્યવાન સારી રીતે જાણે છે.

માલ્યવાન–શૂર્પણખાના સંવાદમાં આવતી વાતમાં જાંબવાનનું શબરી પાસે જઈ કિષ્કિંધામાં કુમારસુગ્રીવના અભિષેક માટે રામની સહાય માગવી, હનુમાન દ્વારા વાત જાણવી વગેરે વાતોમાં રાજકીય ખટપટ જોવા મળે છે.

શૂર્પણખાનું પરકાયા પ્રવેશ દ્વારા મંથરાના શરીરમાં પ્રવેશી મિથિલા જવાની વાત નાટ્યકારે મૂળ કથાવસ્તુથી નવી આલેખી છે.

માલ્યવાન જાણે છે કે માયાહરણ મંત્ર જાણતા દશરથની હાજરીમાં સીતાહરણ શક્ય નથી. વિન્ધ્યગિરિની ગુફામાં રામની સ્ત્રીનું અપહરણ સુકર થઈ જશે, એમ શૂર્પણખાને જણાવે છે. અહીં નોંધપાત્ર બાબત એ છે કે માલ્યવાનની સીતાહરણની ચિંતાના મૂળમાં રાવણના પરાભવનું બીજ જોવા મળે છે. શૂર્પણખા સીતાહરણના સમગ્ર કાર્યનો દોષ પરશુરામ પર આવશે, એ વાતનું સૂચન કરે છે. કારણ કે શિવધનુષભંગથી કોપિત પરશુરામ મિથિલા આવ્યા હતા. પરશુરામના આગમનનું સૂચન કરી માલ્યવાન રાજકૂળ તરફ જાય છે. અહીં વિષ્કંભક પૂરો થાય છે. અહીં મિશ્ર પ્રકારનો વિષ્કંભક છે. રાવણમંત્રી માલ્યવાન સંસ્કૃત બોલે છે, જ્યારે રાક્ષસી શૂર્પણખા અધમ પાત્ર છે, જે પ્રાકૃતમાં બોલે છે.

પરશુરામ સામે ઉપસ્થિત થનાર દરેક પાત્ર સામે પરશુરામ આપ–બડાઈ મારે છે. રામથી શરૂ કરી જનક, રઘુપતિ, શતાનન્દ, લક્ષ્મણ વગેરે સામે ક્રોધિત બની પોતાની વીરતાની વાતો તથા એકવીસવાર પૃથ્વીને નક્ષત્રી કર્યાનો વારંવાર ઉલ્લેખ કરતા પરશુરામને નાટ્યકારે કંઈક સામાન્ય માનવી જેવો વ્યવહાર આદરતા આલેખ્યા છે.

પરશુરામની ગર્વોક્તિથી ગુસ્સે થયેલ મક્કમતાથી જણાવે છે કે, शंभोस्तस्य हि केवलेन धनुषा कृष्टेन तुष्टिर्न मे।

અહીં રામમાં રહેલું ક્ષાત્રતેજ પ્રગટ થાય છે. રામ પરશુરામના પડકારને સ્વીકારે છે. સકળ ક્ષત્રિય સંહારી વૈષ્ણવ ધનુષ ચઢાવવાની વાત કરે છે. આથી રામ અને પરશુરામ યુદ્ધને યોગ્ય ભૂમિમાં જાય છે. નેપથ્યમાંથી આવતા અવાજે રામના વિજયની જાહેરાત કરી છે. અહીં નાટ્યશાસ્ત્રના નિયમ પ્રમાણે યુદ્ધનું દૃશ્ય રંગમંચ પર દર્શાવ્યું નથી. રામ જામદગ્ન્યની ક્ષમા માગે છે. તેમાં રામ વિજયી બન્યા પછી

પણ નમ્રતાનો ગુણ છોડતા નથી. રામના આમંત્રણનો નમ્રપરિહાર કરી લજ્જિત પરશુરામ વનગમન કરે છે.

વૈદેહી વિવાહોત્સવ, જામદગ્ન્ય વિજયોત્સવ તથા રામનો રાજ્યાભિષેક ત્રણ પ્રસંગોનો સુભગ સમન્વય કરી દશરથ જવાબદારીમાંથી સ્વયંને મુક્ત કરવાની ગોઠવણમાં હોય છે, ત્યાં કૈકેયીના કુટ મંથરા દ્વારા લવાયેલ અણધાર્યો કુટપત્ર ખળભળાટ મચાવી દે છે.

પત્ર જનકરાજા વાંચે છે. પત્રમાં લક્ષ્મણ અને સીતા સાથે રામની ચૌદ વર્ષ દંડકારણ્યમાં જવાની વાત તથા ભરતને ગાદી, આ બે વરદાન દશરથ પાસે માગ્યાં છે. અહીં મૂળ રામાયણથી અલગ કથા નિરૂપેલ છે. આ ઉપરાંત જનક કૈકેયીને ઉપાલંભ આપે છે. આ વાતમાં પણ કવિએ નાવીન્ય સર્જ્યું છે.

આ અંકમાં કૈકેયીના વરદાનનો પ્રસંગ જનકપુરીમાં જ ઉઠાવ્યો છે. દશરથના વિલાપને બદલે જનકની વ્યથા દર્શાવી છે, તથા શૂર્પણખાની મંથરાના શરીરમાં પ્રવેશની કથા પણ મૂળ સ્રોતથી જુદી છે. આમ આ અંકમાં અનેક નોંધપાત્ર બાબતો જોવા મળે છે.

**અંક—૫ सुग्रीवाभिषेक**

^सुग्रीवाभिषेक* નામના પાંચમા અંકની શરૂઆત જાંબવાન– શ્રમણાના સંવાદથી થાય છે. શૂર્પણખા મંથરાના દેહને છોડી ગંગાતટસ્થ શ્રૃંગવેરપુરમાં આવીને શબરી બની ગઈ. મૂળ સ્રોતમાં શૂર્પણખાની પરકાયા પ્રવેશની વાત ક્યાંય નથી. જ્યારે અહીં નાટ્યકારે શૂર્પણખાને પરકાયા પ્રવેશ કરતી બતાવી છે. ગુહની નાવમાં ગંગાપાર કરી મૈત્રીરૂપે આપેલું ભાડું તત્કાલીન માનવીય સંબંધોનું પ્રતિપાદન કરે છે. મોટાભાઈ રામનો ગાદી પ્રત્યેનો હક્ક આપવા આવતા ભરતના વ્યવહારમાં ભાતૃભાવનું ઉત્તમ ઉદાહરણ છે. તે નંદીગ્રામમાં રહી પ્રજા સેવાની ફરજ અદા કરે છે.

ધારાધર નામનો કાગ વૈદેહીને હેરાન કરે છે ત્યારે જાંબવાનને વિચાર આવે છે કે, ^इदं तावदपशकUनं नाम।* અહીં મુરારિ કાલીન સમાજની શુકન–અપશુકનની માન્યતાનો ખ્યાલ આવે છે. પંચવટીમાં નિવાસ કરતા રામ પાસે કામપરવશા શૂર્પણખા પહોંચી જાય છે. એણે વિચાર્યું કે રામની સાથે સંબંધ બાંધી એને વિષ આપી દઈશ. આથી લક્ષ્મણે શૂર્પણખાના નાક, કાન, ઓષ્ઠ કાપી નાખ્યા. અહીં મૂળ સ્રોત કરતાં ઓષ્ઠ કાપવાનો ઉલ્લેખ નાટ્યકારે વધારાનો કર્યો છે. બહેનની ખરાબ દશા જોઈ ખર વગેરેએ હુમલો કર્યો અને વિરાધની જેમ નષ્ટ થયા. નેપથ્યમાંથી વૈશેષિક શાસ્ત્રના પંડિત (પરિવ્રાજક) હોઈ રામની સાથે શાસ્ત્રાર્થ કરવાની વાત કહેવામાં આવે છે. જાંબવાન કહે છે કે રાવણ જ પરિવ્રાજકના વેશમાં આવ્યો હતો અને રાવણ સ્વયં 'રાવણ' છે. એ વાતનો ઉલ્લેખ આવેશને કારણે કરી દે છે, જે મૂળ સ્રોતમાં નથી.

રાવણ મારીચ સાથે મહાવનમાં આવે છે. રામ કનકમૃગ પાછળ ખેંચાય છે. લક્ષ્મણે રામનું અનુસરણ કર્યું. રાવણ સાધુના વેશે આવી સીતાને ઉપાડી જાય છે. જટાયુ રાવણનો રથ તોડી પાડે છે. આમ અહીં વિષ્કંભકમાં તાપસી શ્રમણા, સુગ્રીવ મંત્રી જાંબવાન તથા દશરથમિત્ર ગીધ જટાયુ એ ત્રણ મધ્યમ પાત્રો આવે છે. ત્રણેય પાત્ર સંસ્કૃતમાં બોલે છે માટે શુદ્ધ વિષ્કંભક બને છે.

વિષ્કંભક પછી વ્યથિત ચિત્તયુક્ત લક્ષ્મણ પ્રવેશે છે. શ્લોક–૧૨મા રામની દુઃખી મનઃસ્થિતિનું ચિત્રણ કર્યું છે. રાવણના કાર્યને કોસતા રામ પ્રવેશે છે, તથા સીતાને યાદ કરતા મૂર્ચ્છિત થાય છે. શ્લોક–૧૮ તથા ૧૯મા મનોરમ્ય નદીનું અને ૨૦મા શ્લોકમાં માલ્યવાન પર્વતનું વર્ણન છે. શ્લોક–૨૨મા રામની શારીરિક અસ્વસ્થતાનું સરળતા ભર્યું વર્ણન છે.

લક્ષ્મણ મિત્ર ગુહને દાનવના ત્રાસમાંથી બચાવી મિત્રધર્મ અદા કરે છે. દૈત્યના કંકાલકૂટને લક્ષ્મણ ખસેડે છે અને વાલી ગુસ્સે થાય છે. હનુમાન રામ પ્રત્યેની ભક્તિ સીતાનું ઉત્તરીય વસ્ત્ર મોકલી વ્યક્ત કરે છે. વિન્ધ્યપર્વતનું વર્ણન શ્લોક–૨૭ થી ૨૯માં મૂક્યું છે. લક્ષ્મણ જયેષ્ઠભ્રાતા રામના વિરહશોકને દૂર કરવા સતત ચિંતાયુક્ત જોવા મળે છે. આટલી કપરી સ્થિતિમાં પણ રામ લક્ષ્મણની બુદ્ધિનો ચતુરાઈપૂર્વક ઉપયોગ કરી ગુહને સુગ્રીવ પાસે દૂત તરીકે મોકલે છે. આ પ્રસંગ મુરારિનો મૌલિક છે. વાલીનું આગમન તથા રામ દ્વારા વાલીનું વર્ણન શ્લોક–૪૩, ૪૪ તથા ૪૯માં કરવામાં આવ્યું છે. વાલી દ્વારા રામનું વર્ણન શ્લોક–૪૬માં જોવા મળે છે. લક્ષ્મણના મુખમાં હનુમાનનો પરિચય તથા પૌરાણિક ઉલ્લેખ કર્યો છે. ગુહ દ્વારા રામ–વાલીના દ્વન્દ્વયુદ્ધનું વર્ણન કરવામાં આવે છે. વાલી દ્વારા શસ્ત્ર બનાવેલ સાત તાડવૃક્ષોને છેદીને રામ વાલીને હણે છે. નીલ જાંબવાન દ્વારા અભિમંત્રિત સુવર્ણકળશથી સુગ્રીવનો અભિષેક કરે છે. રામ સ્વયં સુગ્રીવના ગળામાં સુવર્ણકમળની માળા અલંકૃત કરે છે. આમ, આ અંકનું શીર્ષક 'સુગ્રીવાભિષેક'ને સાર્થક કરતો પ્રસંગ નાટ્યકારે યોજ્યો છે.

અહીં જોઈ શકાય છે કે સંવાદ દ્વારા કથાને વધારે પડતો વેગ આપી દીધો છે. અર્થાત્ કથા ગત્યાત્મક બની છે અને કથાવસ્તુનો કાર્યવેગ આગળ વધે છે. અહીં નાટ્યકારે વર્ણનોને કુશળતાપૂર્વક ટાળવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે.

**અંક–૬ दशग्रीवनिग्रह**

दशग्रीवनिग्रह નામના છઠ્ઠા અંકના આરંભમાં વિષ્કંભકમાં માલ્યવાન–સારણ–શુક સંવાદ છે. લંકાને પૂંછ વડે આગથી હનુમાને ક્ષણમાં બાળી નાંખી, ખરાદિને રામે, અક્ષને હનુમાને હણ્યા, રાવણે જાતે વિભીષણને નિષ્કાશિત કર્યો. શ્લોક–૪મા રાવણના દશમુખનો પૌરાણિક ઉલ્લેખ છે. રાવણના કુળનાશની ચિંતાથી વફાદાર મંત્રી માલ્યવાન ચિંતિત છે. રામ સૈન્યનું બળ જાણવા ગયેલ સારણ જણાવે છે કે રામ દ્વારા અભિષિક્ત વિભીષણે સારણને બંદી બનાવેલ, પરંતુ રામ મંત્રી સમાન આદર આપી મોકલે છે. અહીં નાટ્યકારે રામમાં શત્રુ સૈનિક પર ઉત્કટ ક્ષમાભાવ યુક્ત ઉદાર પ્રકૃતિ ગુણ દર્શાવ્યો છે. વિભીષણ શત્રુ રામ સાથે મળી જવાથી માલ્યવાન વ્યથિત છે. સારણ દ્વારા પૂછતાં રાવણે વિભીષણને કેમ કાઢી મૂક્યો હતો તેની વાત જણાવે છે. માલ્યવાનમાં નાટ્યકારે કુશળ રાજનીતિજ્ઞના ગુણ મૂક્યા છે. માલ્યવાન વાલીપુત્રને લાલચથી સમજાવવાનો પ્રયત્ન કરી સુગ્રીવની શક્તિ ઓછી કરવાના પ્રયત્નમાં છે. માલ્યવાન–સારણના સંવાદમાં રામના વિજિગીષુ તરીકેના નીતિ–નિપુણ ગુણોની પ્રશંસા દ્વારા કવિએ રામના ગુણોની ઉત્કૃષ્ટતા વર્ણવી છે તથા રામ બાહુબળને બદલે દુર્ગના બળનો અધિક ઉપયોગ કરતા હોય એવું માલ્યવાનને લાગે છે. કારણ કે જગવિલક્ષણ રામ માનવી હોવા છતાં બસો યોજન સાગર પાર કરી ગયા છે.

શુકના આગમનથી જાણવા મળે છે કે, પ્રહસ્ત, ધુમ્રાક્ષ, મહોદર વગેરે સેનાપતિ મંત્રીઓને હણી રામે લંકાને ઘેરી લીધી છે. નરાન્તકને અંગદે હણ્યો છે. કુંભકર્ણ નિદ્રામાંથી જાગી મેઘનાદને આગળ કરી લડે છે. પરંતુ બાહુવીર રામ કુંભકર્ણના શરીરને ઢાળે છે. લક્ષ્મણ મેઘનાદને પ્રશમિત કરે છે. શુક જણાવે છે કે રાવણ ક્રોધિત બન્યો છે. શુકના મુખમાંથી ‘રામવિજય’ માટે તૈયાર થઈ રહ્યો છે એવા શબ્દો સરી પડે છે. જે આગામી કથાવસ્તુનો અણસાર તથા રામ વિજયી બનશે તે વાતનો ઈશારો કરે છે. અહીં વિષ્કંભક પૂરો થાય છે.

માલ્યવાન–શુક–સારણ સંવાદયુક્ત શુદ્ધ વિષ્કંભક ખૂબ જ વિસ્તારપૂર્વક નિરૂપાયો છે. અહીં વિષ્કંભકમાં અંતે શુકના શબ્દો દ્વારા રાવણનો પરાજય અને રામ વિજય નિશ્ચિત છે, એ ઘટનાનો સ્પષ્ટ ખ્યાલ કરાવ્યો છે. નાટ્યશાસ્ત્રમાં નિષેધ દર્શાવ્યો છે. તેવી યુદ્ધની ઘટનાને સંવાદ દ્વારા કુશળતાથી રજૂ કરી કથાવસ્તુને ગત્યાત્મક રાખી છે.

મુખ્ય દૃશ્યનો ઉઘાડ વિદ્યાધર–યુગલ હેમાંગદ તથા રત્નચૂડના સંવાદથી થાય છે. હેમાંગદના મુખમાં લંકાવર્ણન શ્લોક–૨૩ અને ૨૪માં મૂક્યું છે. રાક્ષસગૃહ વર્ણન શ્લોક–૨૬માં છે. મંદોદરીના વર્ણન શ્લોક–૨૭માં સ્ત્રીસહજ પતિની સફળતાનો ભાવ રજૂ કરી આદર્શ નારી તથા પતિવ્રતા સ્ત્રીના ગુણો દર્શાવી તત્કાલીન સામાજિક સ્થિતિની ઝાંખી કરાવી છે. શ્લોક–૨૮, ૩૦ અને ૩૧માં રાવણનું વર્ણન છે. વાનર રાક્ષસ યુદ્ધ શ્લોક–૩૯, ૪૦, ૪૨ અને ૪૪માં આલેખ્યું છે. વાનરરાજ સુગ્રીવ રાવણવધ રૂપ નાટકમાં રામને સૂત્રધાર અને પોતાને પારિપાર્શ્વક કહી રાવણ પ્રત્યેનો આક્રોશ અને રામ પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે.

રાવણના મુષ્ટિ પ્રહારથી સુગ્રીવ મૂર્ચ્છિત થાય છે. યુદ્ધમાં આવતા રામને ઈન્દ્રકવચ, રથ તથા ધનુષ આપી વિજયનો હકદાર બનાવે છે. રામ–રાવણના સંવાદ દ્વારા નાટ્યકારે કુશળતાપૂર્વક પૂર્વેની કથાઓ રજૂ કરી છે. રામના પૂર્વજની હત્યા રાવણે કરી હતી તેનો રામને ખેદ નથી. યુદ્ધમાં જય પરાજય તો હોવાના જ. આમ, કવિએ રામમાં ઉત્કૃષ્ટ વીર યૌદ્ધાના ગુણો મુક્યા છે. રામ–રાવણના ભીષણ યુદ્ધનું વર્ણન શ્લોક–૫૯ થી ૭૭માં આલેખ્યું છે. રામ વિશ્વામિત્ર પાસે શીખેલ દિવ્યાસ્ત્ર મંત્રોનું ધ્યાન કરે છે અને રાવણ બ્રહ્મા દ્વારા ઉપદેશેલ શસ્ત્રવિદ્યાનું સ્મરણ કરે છે અને “તામિસ્ત્ર અસ્ત્ર ભાનવીય અસ્ત્રથી, ભાનવીય રાહવીયથી, રાહવીય વૈષ્ણવીયથી, વૈષ્ણવીય પૌષ્પકેતવીયથી, પૌષ્પકેતવીય પાશુપતઅસ્ત્રથી આ પ્રકારે અસ્ત્રથી અસ્ત્રનો પ્રતિકાર કરવાવાળા રાવણ તથા રામનું ભીષણ યુદ્ધ થઈ રહ્યું છે.” અહીં કવિશ્રી મુરારિનું યુદ્ધ અને વિવિધ શસ્ત્રોનું ઊંડું જ્ઞાન પ્રગટ થાય છે. રામ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરી રાવણના કબંધને વીરશય્યા પર પાડે છે. મંદોદરી વિલાપ શ્લોક–૮૧માં છે.

આ અંકમાં નાટ્યકારે ‘અનર્ઘરાઘવ’ નાટકના નાયક પાત્ર રામનું પાત્રનિરૂપણ સુંદર રીતે ચરિતાર્થ કર્યું છે. જ્યારે રાવણ પ્રતિનાયક છે, પરંતુ રંગમંચ પર આવતો નથી. રાવણની હારમાં અંકનું શીર્ષક दशग्रीवनिग्रह સાર્થક થાય છે. નાટ્યકારે કુશળતાપૂર્વક રામ–રાવણ યુદ્ધનો આખો પ્રસંગ વિદ્યાધર યુગલના સંવાદ દ્વારા રજૂ કરી કવિકૌશલ દર્શાવ્યું છે અને નાટ્યશાસ્ત્રના નિયમનું ચુસ્ત પાલન પણ કર્યું છે.

'ઉલ્લાશરાઘવ'ની જેમ જો થોડોક સંવાદ, એક બીજા પર કરતા શબ્દ પ્રહારો રામ–રાવણ વચ્ચે બતાવ્યો હોત તો નાટક વધુ રસપ્રદ બની શક્યું હોત અને રામની જીતની પ્રતિષ્ઠા મોહક બની જાત. આ અંકમાં આ થઈ શક્યું હોત.
નાટ્યકાર મુરારિએ વર્ણનો વધુ કર્યાં છે તથા શ્લોકોની ભરમાર જોવા મળે છે. અહીં ગૌડી શૈલી છે, તથા ઓજસ ગુણ જોવા મળે છે. આગળના અંકની જેમ વિષ્કંભક લાંબો છે.

## અંક–૭ नायकानन्द

नायकानन्दो નામના સાતમા અંકમાં નેપથ્યમાંથી આવતા પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે. રઘુવંશના આદિપુઢષ ભગવાન સૂર્યના પ્રકાશિત થતાં જ સમગ્ર દિક્પાલોની સામે, સૂર્યને સાક્ષી રાખી રાક્ષસગૃહ વાસરૂપ નિંદા વચનોથી મુક્તિ મેળવવા માટે વૈદેહીને અગ્નિમાં પ્રવેશ, સકુળ રાક્ષસવધથી શોક, શુદ્ધ સીતા પ્રાપ્તિથી હર્ષ પામતા રામમાં માનવસહજ મિશ્ર લાગણીઓ દર્શાવી રામને દેવ સાથે આમ–સમાજના પાત્ર તરીકે પણ વિચિત્ર કર્યા છે.

રામ, સુગ્રીવ અને વિભીષણની સાથે લક્ષ્મણ તથા સીતાને લઈ પુષ્પક વિમાન દ્વારા આવી રહ્યા છે. માર્ગમાં આવતાં રામ સીતાને લંકામાં થયેલ યુદ્ધ તથા યુદ્ધભૂમિની વાતો કરે છે, જે શ્લોક–૫માં આવે છે. માયાવી મેઘનાદની માયાની વાત શ્લોક–૬માં છે.

સીતા દ્વારા પૂછવામાં આવતા નાગપાશમાં બંધાયા હતા તેનું સ્વયં વર્ણન કરે છે. પક્ષીરાજ ગઢડની મદદથી બંધન મુક્ત થયાની વાત શ્લોક–૭ તથા ૮માં રામે કરી છે. અહીં વ્યંગ્યપૂર્ણ હાસ્ય પ્રગટે છે. સીતા સ્નેહયુક્ત હાસ્યથી દિયર લક્ષ્મણને જોઈ લક્ષ્મણની કીર્તિલતાના ઉત્પત્તિ સ્થાન વિશે કુતૂહલ વ્યક્ત કરે છે. રામ હર્ષથી રોમાંચિત થઈને લક્ષ્મણના પરાક્રમનું વર્ણન શ્લોક–૯માં તથા હનુમાન દ્વારા લવાયેલ દ્રોણાદિ નામની સંજીવની ઔષધિથી લક્ષ્મણને સજીવન કર્યાની ઘટના શ્લોક–૧૦માં નિરૂપી છે. અહીં રામ તથા સીતાનો લક્ષ્મણ પ્રત્યેનો વાત્સલ્ય સ્નેહ દેખાય આવે છે અને લક્ષ્મણના પરાક્રમ પર ગૌરવ અનુભવે છે.

સૂર્યકિરણમાં દશરથને જોયેલ રામે પિતાની આજ્ઞાથી હનુમાનને રાજ્યાભિષેકની તૈયારી માટે મોકલ્યાની વાતથી આગામી પ્રસંગ રામ રાજ્યાભિષેકનો આવશે, એ વાતનું સૂચન થાય છે. શ્લોક–૧૨માં સમુદ્રમંથનના પૌરાણિક ઉલ્લેખથી કવિનું પૌરાણિક જ્ઞાન જોવા મળે છે. लक्ष्मीतुषारकरकौस्तुभपारिजातधन्वन्तरिप्रभृतयो यदपां विवर्तः। શ્લોક–૧૪માં બ્રહ્મા વિષ્ણુની વાત તથા સાગર વર્ણન છે. જ્યારે ગુસ્સે થયેલ અગત્સ્ય સમુદ્રને પી ગયાની પૌરાણિક કથા શ્લોક–૧૫માં રજૂ કરી છે. શ્લોક–૨૧માં કવિની સુંદર મૌલિક કલ્પના છે. પર્વતો નાંખવાથી સમુદ્રનું પાણી ઉપર ઉછળ્યું ત્યારે ખાલી જગ્યામાં નદીના પાણી ધસી આવ્યા અને માછલીઓને મધુર પાણી ચાખવાનો મોકો મળ્યો. પર્વતરાજ હિમાલયનો જ્યેષ્ઠ પુત્ર મૈનાકની પાંખ ન કાપી હોવા છતાં સ્થિર થયેલ પૌરાણિક ઘટનાનો મુરારિએ ઉલ્લેખ કર્યો છે. માર્ગમાં આવતાં અનેક સ્થળોનું વર્ણન કરતાં 'પુષ્પક' વિમાન ઊંચાઈએ જતાં મેઘનું સુંદર વર્ણન શ્લોક–૨૫ અને ૨૬માં વર્ણવ્યું છે. વિભીષણ પાર્વતીનું જન્મસ્થાન એવા હિમાલય પર્વત સીતાને બતાવે છે તે શ્લોક–૨૯માં છે.

સીતા–વિભીષણ સંવાદમાં નાટ્યકાર મુરારિએ કામદેવ આહુતિ ઘટનાને મૂકી છે. દેવદાઢવન પરંપરા એ ભીષણ ઘટનાની સાક્ષી સમાન છે. પ્રલયકાળ માટે સુરક્ષિત રાખવા માટે જ મહાદેવે કોપાગ્નિમાં કામદેવરૂપી બળતણ નાખી દીધું. નિર્દય શિવને કઠોર તપ કરી અર્ધનારીશ્વર બનાવ્યા. આમ, તપઃ ફલદાયક રહ્યું. અહીં કાલિદાસના 'કુમારસંભવ'ની યાદ આવે છે. 'કુમારસંભવ' ત્રીજા સર્ગમાં ' મદનદહન' શિવના ત્રીજા નેત્રમાંથી નીકળેલ અગ્નિ કામદેવને ભસ્મીભૂત કરી નાખે છે.

ઔષધિપ્રસ્થ નામના હિમાલયના નગરમાં પાર્વતીનું કન્યાદાન કર્યું હતું, એ વાત કવિની મૌલિક કલ્પના છે. મુરારિએ શિવ–પાર્વતી પરિણય પ્રસંગનું વર્ણન શ્લોક–૩૬ થી ૩૯માં સ્વતંત્ર નાટકની જેમ વિસ્તારથી કર્યું છે. જેને કારણે કથાવસ્તુનો કાર્યવેગ મંદ પડતો લાગે છે. શ્લોક–૩૯માં અર્ધનારીશ્વર વર્ણન કવિનું આગવું છે. શ્લોક–૪૫ થી ૪૭માં હિમાલય વર્ણન છે. વિભીષણ મહાદેવ સીતાનું કલ્યાણ કરે એવી કામના વ્યક્ત કરે છે. આથી કવિનો શૈવભાવ પ્રગટે છે.

સુમેઢ વર્ણન શ્લોક–૫૪ થી ૫૬માં તથા ચંદ્રવર્ણન શ્લોક–૬૦ થી ૬૭માં કર્યું છે. રોહિણી પર ચંદ્રમાના અતિ પ્રેમને કારણે ચંદ્રને 'રોહિણીરમણ' નામથી બોલાવે છે. અહીં કવિ મૌલિક વાત રજૂ કરી કથાવસ્તુને રસપ્રદ બનાવવાનો પ્રયાસ કરે છે. આ ઉપરાંત શ્લોક–૬૯ થી ૭૨ તથા ૭૪માં ચંદ્રવર્ણન છે. કવિને જ્યાં જ્યાં તક મળી ત્યાં ચંદ્રવર્ણન કરવામાં કથાવસ્તુની ગતિને વિસ્તારી દીધી છે. આ અંકમાં શ્લોક–૬૦થી શરૂ કરેલ વિસ્તારપૂર્ણ ચંદ્રવર્ણન શ્લોક–૮૩એ આવીને અટકે છે. આ વર્ણનોમાં મુરારિએ કથાવસ્તુને સ્થગિત કરી દીધેલ જણાય છે.

નેપથ્યમાંથી હનુમાન રામને શીઘ્ર અયોધ્યા આવવાનું કહે છે, કારણ વસિષ્ઠ દ્વારા નિર્ધારિત અભિષેક મુહૂર્ત સમીપ આવી રહ્યું છે. મઢસ્થળ વર્ણન શ્લોક–૮૬માં છે. પુષ્પક વિમાન નીચે ઉતરતાં રામ સીતાને સિંહલદ્વીપ બતાવે છે, જ્યાં અગત્સ્ય મુનિનો નિવાસ છે. શ્લોક–૮૮ તથા ૮૯માં અગત્સ્યનું વર્ણન કરાયું છે.

સિંહલદ્વીપની ઉત્તર તરફ વહેતી તામ્રવર્ણી નદીનું વર્ણન શ્લોક–૯૧ તથા ૯૨માં છે. રામ સીતાને મલયાચલ બતાવે છે. અગત્સ્યની શક્તિનો પરિચય લક્ષ્મણની ઉક્તિ દ્વારા શ્લોક–૯૪ થી ૯૬માં કરાવ્યો છે. સુગ્રીવ સીતાને પંચવટી બતાવે છે. જ્યાં મારીચ પર રામે બે વાર બાણ ચલાવ્યા હતા અને રાવણે સીતાહરણ પણ અહીં જ કર્યું હતું. રામ સીતાના સંવાદમાં શૃંગાર વર્ણન શ્લોક–૯૮ અને ૯૯માં વ્યક્ત થયેલું છે. મુરારિએ મહારાષ્ટ્રના કુંડિનગરની વિગત શ્લોક–૧૦૧માં આપી છે. ભીમેશ્વર મહાદેવ વિશે વર્ણન શ્લોક–૧૦૨ થી ૧૦૫માં કર્યું છે. કાંચીનગર બાદ કામદેવના ગર્ભગૃહ સમાન ઉજ્જયિનીનું વર્ણન કર્યું છે. દ્વાદશ સ્થિત મહાકાલનાથનું વર્ણન શ્લોક– ૧૧૧માં કર્યું છે. માહિષ્મતી નગરીનું વર્ણન શ્લોક–૧૧૫, યમુના નદીનું વર્ણન શ્લોક–૧૧૬, ગંગા નદીનું વર્ણન શ્લોક–૧૧૭ થી ૧૧૯, વારાણસી નગરીનું વર્ણન શ્લોક–૧૨૦ થી ૧૨૨, મિથિલા વર્ણન શ્લોક–૧૨૩ તથા ચંપાપૂરી વર્ણન કરતાં નાટ્યકારે શૃંગાર રસની છણાવટ શ્લોક–૧૨૪માં રજૂ કરી છે.

પ્રયાગ વર્ણનમાં નાટ્યકારે સુંદર મૌલિક વાત રજૂ કરી છે. હિમાલય સ્થિત હોવાથી ગંગા શ્વેતવર્ણવાળી અને પિતા સૂર્યના ખોળામાં રહેવાથી યમુના શ્યામ વર્ણવાળી થઈ ગઈ છે. પ્રયાગવર્ણન શ્લોક–૧૨૬ થી ૧૨૮માં કર્યું છે. સરયૂ વર્ણન શ્લોક–૧૩૦, અયોધ્યા વર્ણન શ્લોક–૧૩૧માં ચિત્રિત કર્યું છે.

ઋષિ વસિષ્ઠ રાજ્યાભિષેકની સર્વ તૈયારી કરી ભરત, શત્રુઘ્ન સાથે રામની પ્રતીક્ષા કરી રહ્યા છે. રામ આવીને વસિષ્ઠના ચરણ સ્પર્શ કરે છે. ઋષિ સર્વે ભાઈઓને બે બે પુત્રના આશીર્વાદ આપી મનુનો વંશ આઠ શાખાઓમાં વિભક્ત બની સમૃદ્ધ રહેવાની શુભેચ્છા પાઠવે છે. અહીં નાટ્યકારે પૂર્વે અનુક્ત નવીન કલ્પના રજૂ કરી છે.

પોતાને 'પદાતિ' (पदातिः) તરીકે ઓળખાવતો ભરત રામને પ્રણામ કરે છે. ચારેય ભાઈઓનું મિલન થાય છે. ભરત, શત્રુઘ્ન, વિભીષણ, સુગ્રીવ પરસ્પર યથોચિત આચાર કરે છે. વસિષ્ઠ રામને સિંહાસન પર બેસાડી એન્દ્રમહાભિષેક દ્વારા મંત્રપૂર્વક રામનો રાજ્યાભિષેક કરે છે. વિભીષણની વિનંતીથી પુષ્પક વિમાનને ફરીથી એના મૂળ સ્થાન યક્ષેશ્વર કુબેરની પાસે જવાની આજ્ઞા આપે છે. શ્લોક–૧૫૧ અને ૧૫૨માં ભરતવાક્ય છે. કવિએ અહીં ભરતવાક્યમાં પ્રથમ કવિઓ સદ્સૂક્તિરૂપી મધુર રસથી કવિગણ ધારાસ્નાન પ્રાપ્ત કરવાની વાત સાથે કવિની રચનાને સમજ્યા વિના ગુણદોષ નક્કી ન કરવા માટે લોકોને અપીલ કરી છે, જે આખી નવીન વાત છે. બાદ વીરકીર્તિગાથારૂપ કર્ણામૃત પ્રવાહ લોકોનો કાનરૂપ આકાશગુણ બનવા માટેની વાત કરી છે.

આખા અંકમાં માર્ગમાં આવતા વિવિધ નદી, પર્વતો, નગરો, પ્રકૃતિ વર્ણન, પૌરાણિક ઉલ્લેખોની વાતો અતિશય પ્રમાણમાં મૂકી શ્લોકોની ભરમાળ કરી છે. રઘુવંશના તેરમા સર્ગની જેમ કેવળ વર્ણન માત્ર છે. સાતમા અંકમાં આવતા માર્ગવર્ણન વાંચતાં કાલિદાસના 'મેઘદૂત'ની યાદ આવે છે.

કથાવસ્તુની દ્રષ્ટિએ અંક શુષ્ક ભાસે છે. જ્યારે મુરારિએ પૌરાણિક ઉલ્લેખોથી માહિતી સભર અંક બનાવ્યો છે. કવિએ પ્રશંસનીય પ્રકૃતિ, સ્થળ વર્ણનમાં કૌવત દાખવેલ જોવા મળે છે.

**સંદર્ભ ગ્રંથ**

૧.'અનર્ઘરાઘવ', શ્રી મુરારિ
૨.'દશરૂપક', ધનંજય
૩.'કુમારસંભવ'